# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી

તા. 08-04-2022

14મા નાણાપંચ અને 15મા નાણાપંચમાં ગ્રાન્ટ ફાળવણીમાં ફેરફારથી અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના પરિવારોને પાયાની સુવિધાથી વધુ સમય વંચિત રહેવુ પડશે. પંચાયતી રાજ માળખાને છીનભીન્ન કરવાની ભાજપાની નિતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સરકારની નાણા ફાળવણીની નવી નિતિને કારણે ગ્રામ્ય વિસ્તારના પાયાના કામકાજમાં મોટી સમસ્યા ઊભી થઈ છે. ગ્રામ્ય વિરોધી ભાજપાની માનસિકતા ફરી એક વખત ઊજાગર થઈ. નાણાંની ફાળવણીમાં નિતિગત ફેરફારથી ગુજરાતના 18000 ગામોમાં જનતાની મુશ્કેલીમાં વધારો થશે.14મા નાણાપંચની નાણા ફાળવણી અને 15મા નાણાપંચમાં વ્યાપક નિયમોમાં ફેરફારથી પંચાયતીરાજ વ્યવસ્થામાં અનેક મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. વધુમાં ભાજપ સરકાર ગ્રામ્ય વિસ્તારમાં સરકારી યોજનાના લાભો સરળતાથી ઉપલબ્ધ થાય તેવા માળખાના ચાલક બળ તલાટી અને ગ્રામસેવક ની નિમણૂંકો કરતી નથી. રાજ્યના 18000 ગામો વચ્ચે માત્ર 7000 જ તલાટી નિમાયેલ છે. ત્રણ થી પાંચ ગામ વચ્ચે એક તલાટીની જવાબદારીથી ગ્રામ્ય જનતા લાંબા સમયથી સરકારી લાભોથી વંચિત રહે છે.

ભાજપ સરકારની ગ્રામ્ય વિરોધી – પંચાયત રાજ વિરોધી નીતિને કારણે ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં સતત સમસ્યાનો ઉમેરો થઈ રહ્યો છે. પરિણામે, ગામડા સતત તુટી રહ્યાં છે, સરકારની નીતિના કારણે ગામડા ખાલી થઈ રહ્યાં છે જે ચિંતાજનક છે. 14મુ નાણાપંચ અનુસાર ગ્રાન્ટ સીધી ગ્રામપંચાયતમાં જતી હતી. જે ગામનો વેરો વધુ હોય તેને પરફોમન્સ ગ્રાન્ટ કહેતા હતા.ધારો કે કોઈગામમાં 10.00 લાખની ગ્રાન્ટ જાય તો તે ગામમાં અનુસુચિત જાતી અને અનુસુચીત જનજાતિને 2.50 લાખની ગ્રાન્ટ આપવામાં આવતી હતી. પરંતુ ફેરફાર બાદ 15મુ નાણાપંચ અનુસાર જે ગ્રાન્ટ ગ્રામપંચાયતમાં સીધી જતી હતી તેના બદલે જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત એમ ત્રણ ભાગ પાડવામાં આવે છે અને તે ટાઈટ અને અનટાઈટ એમ બે નામ આપવામાં આવે છે. જેના કારણે ગામને મળતી ગ્રાન્ટમાંથી હવે જિલ્લા સદસ્યો અને તાલુકા સદસ્યો પણ આ ગ્રાન્ટમાંથી ભાગ લઈ જાય છે.અને આ બન્ને ગ્રાન્ટ તાલુકાની કારોબારીમાં તેમજ જિલ્લા કારોબારીમાં મંજુરી કરાવી પડે છે. તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતમાં ભાજપની જીત પછી આ નવી ફોમ્યુલા આવી છે તે ગામને નુકશાન થાય છે. ગ્રાન્ટમાં એસ.સી. / એસ.ટી.નો કોઈ ઉલ્લેખ કરવામાં આવતો ન હોવાથી સરપંચ પોતાની રીતે ગ્રાન્ટનો ઉપયોગ કરશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા